**બે હજાર પોલીસ કાફલો બંદોબસ્તમાં હોવા છતાં દિવાળીપુરામાં ત્રણ મકાનમાં ચોરી**

# પોલીસ થર્ટી ફર્સ્ટની ઉજવણીના બંદોબસ્તમાં રહી અને તસ્કરોએ ન્યૂ યર સેલીબ્રેટ કર્યું

**સતત** ત્રણ ચોરી થતા ભયના ઓથા હેઠળ જીવતા સિનિયર સિટિઝન્સ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરમાં 31 ડિસેમ્બરને લઈના બંદબસ્તમાં પોલીસ વ્યસ્ત હતી. ત્યારે ન્યુ યીરની ઉજવણી કરવા માટે યૌવનધન હિલ્લોળે ચઢ્યું હતું અને પાર્ટીમાં નોજવાની મજા માણી રહ્યું હતું.પરંતુ તસ્કરોએ પોલીસની વ્યસ્તના લાભ ઉઠાવીને ચાર દિવસમાં ત્રણ મકાનોમાં ચોરી કરીને ન્યુ યીરની ઉજવણી કરી હતી. સતત ત્રણ દિવસ તસ્કરોએ ત્રણ ચોરીને અંજામ આપતા સ્થાનિક સિનિયર સિટિઝોમાં ભયનો માહોલ ફેલાયો છે.

વડોદરા શહેમાં 31 ડિસેમ્બર દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેના માટે પોલીસ કમિશનર દ્વારા બે હજાર અધિકારીઓ અને કર્મચારીઓનો ફોજ ઉતારી હતી. પોલીસ કમિશનરનો એક્શન પ્લાન કોઈ ઘટના બનતા સફળ પણ રહ્યો છે. પાર્ટી દરમિયાન કોઈ ગંભીર પ્રકારની ઘટના સામે આવી નથી. પરંતુ વિવિધ વિસ્તારમાંથી પોલીસ દ્વારા નશો કરેલા હાલતમાં ઘણા નશેડીઓને ઝડપી પાડ્યા હતા. 31 ડિસેમ્બરને લઈને પોલીસ દ્વારા છેલ્લા ઘણા દિવસોથી વિવિધ વિસ્તારમાં કડક બંદોબસ્ત સાથે ખુદ ડીસીપી પણ રોડ પર કાર્યવાહી કરતા જણાયા હતા. તેમ છતાં અકોટા વિસ્તારમાં આવેલી અશોકનગર સોસાયટીમાં છેલ્લા ચાર દિવસ દરમિયાન ત્રણ મકાનોમાં તસ્કરો ત્રાટ્કયા હતા અને બે મકાનમાંથી લાખોની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આટલો લોખંડી પોલીસ કાફલો પેટ્રોલિંગમાં ફરતો હોવા છતાં સિનિયર સિટીઝનની સોસાયટીમાં બંધ મકાનોને તસ્કરો નિશાન બનાવતા હતા. પ્લાનિંગ સાથે ચોરી કરતા તસ્કરો બે મકાનમાં મતા મળી હતી પરંતુ એક મકાનમાં ચોરીનો પ્રયાસ કર્યો હતો. ત્યારે હવે લોકોમાં પોલીસની કામગીરી સામે પણ નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. હવે પોલીસ નહી પણ અમે પોતે તસ્કરોને પકડવા માટે પ્લાન બનાવી તેવું સ્થાનિક સિનિયર સિટીઝોને રોષ સાથે જણાવ્યું હતું.

**પોલીસ સોસાયટીમાં હટી ને તસ્કરો મકાનમાં ઘૂસ્યા**

છેલ્લા બે દિવસથી તસ્કરો એકબાદએક અશોક નગરના બે મકાનને નિશાન બનાવ્યા હતા. જેના સમાચાર પ્રસિદ્ધ થતા પોલીસ ત્યાં બંદોબસ્તોમાં ગોઠવાઇ ગઇ હતી. પરંતુ જેવી મોડી રાત્રીના સમયે પોલીસ ત્યાં હટી કે તુરંત તસ્કરે એક મકાનમાં ઘુસ્યા હતા અને તિજોરીનો તાળુ તોડીનો ચોરીનો પ્રયાસ કર્યો હતો. પરંતુ કાઇ હાથ લાગ્યું ન હતું.

**છાણી જકાતનાકા પાસે રૂ.1.71 લાખની ચોરી**

વડોદરા શહેરના છાણી જકાતનાકા પાસે આવેલી આકાશગંગા સોસાયટીમાં રહેતો પરિવાર અમદાવાદ ખાતે મરણ પ્રસંગ ગયો હતો. તે દરમિયાન તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને સોના ચાંદીના તેમજ રોકડા રૂ.10 હજાર મળી રૂ.1.71 લાખની માલમતાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. જેથી દક્ષાબેન મહેશભાઇ વાઘેલાએ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે.

**ભૂવાની આસપાસ બેરિકેડ મૂકી કોર્ડન કરી દીધો**

# વડોદરા સ્માર્ટ સિટીના “ઠેકેદારો”ને અકોટાના ભૂવાનું “હેપ્પી ન્યૂ યર”

(પ્રતિનિધિ) વડોદરા તા.1



વડોદરામાં ભૂવા પડવાનો સિલસિલો યથાવત છે.વરસાદ પણ થંભી ગયો તેમ છત્તા ભૂવો પડી રહ્યો છે.અકોટામાં ભાથીજી મંદિર જવાના રોડ પર આ ભૂવો પડવાની ઘટના બની છે.આ ભૂવો 5 ફૂટ થી પણ વધારે લાંબો છે.હાલ રોડને બેરિકેડ મૂકી કોર્ડન કરી દીધો છે, માત્ર અકોટા વિસ્તારની વાત કરીએ તો વરસાદ થી ભૂવા પડવાનું શરુ થયે અને અત્યાર સુધીમાં 15થી વધુ ભૂવા પડયા છે. સૌથી વધુ પૂરના પાણી ભરાતા અકોટામાં ભૂવા પડ્યા છે તેવું સ્થાનિકો માની રહ્યાં છે.

વડોદરામા વિકાસની ગતિએ આગળ તો વધી રહ્યું છે, પરંતુ વડોદરા શહેરમાં ભૂવા પડવાની સમસ્યા યથાવત છે. વડોદરાના અકોટા વિસ્તારમાં ફરી ભૂવો પડયો છે જેના કારણે વિસ્તારમાં ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ છે,હાલ ભૂવાને કોર્ડન કરવાની કામગીરી કરાઈ છે,પરંતુ ભૂવાને રીપેર કરવાની કોઈ કામગીરી કરાઈ નથી,રોડ નબળો પડી જતા ભૂવો પડવાની સમસ્યા સર્જાઈ છે,અત્યાર સુધી વડોદરામાં સૌથી વધુ ભૂવા અકોટા વિસ્તારમાં પડયા છે.

હજુ પણ ભૂવા પડવાનો સિલસીલો જારી છે. જેમાં અકોટાના ભાથીજી મંદિર નજીક મસમોટો ભૂવો પડયો હતો. 24 કલાક વાહનોથી ધમધમતા મુખ્ય માર્ગ પર પડેલા મસમોટા ભૂવાને કારણે વાહન ચાલકો અને રાહદારીમાં પણ ભયનો માહોલ ઉભો થયો હતો. આ સિવાય તંત્રના પાપે ઠેરઠેર ખાડાઓમાં વાહન ચાલકો પછડાયા હતા. જેને લઈ લોકોમાં તંત્ર પ્રત્યે રોષ જોવા મળ્યો હતો.

**કારેલીબાગ પાણીની ટાંકી તરફના રોડ પર ગાડી ઊભી હતી**

# પુરઝડપે બાઈક દબાણ શાખાની ગાડી સાથે અથડાતા ચાલકની હાલત ગંભીર

**કુંભારવાડા** પોલીસે કાર્યવાહી હાથધરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા પાણીની ટાંકી તરફના રોડ ઉપર પસાર થઈ રહેલા કોર્પોરેશનની દબાણ શાખાના વાહને બાઇક સવારને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. સર્જાયેલા અકસ્માતમાં બાઈક સવારને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે પ્રથમ સયાજી હોસ્પિટલ અને બાદમાં બધું સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો છે. હાલ ઈજાગ્રસ્તની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

વડોદરા મહાનગરપાલિકાના વ્હીકલ પુલના કાયમી ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો ડ્રાઈવર દબાણ શાખાની ટીમને ગાડીમાં બેસાડી વ્હીકલપુલ શાખામાંથી નીકળ્યો હતો. ત્યારે કારેલીબાગ પાણીની ટાંકી તરફના રસ્તા પર જ્યાં એક સાઈડે કામગીરી ચાલી રહી હોવાથી એક તરફનો રસ્તો બંધ કરવામાં આવ્યો છે અને ડિવાઈડરના એક બાજુના રસ્તાને ટુ-વે બનાવવામાં આવ્યો છે. ત્યારે, વ્હીકલપુલની ગાડી જ્યારે આ રસ્તા ઉપરથી પસાર થઈ રહી હતી. ત્યારે સામેથી ઓવર સ્પીડે આવી રહેલ બાઈક ચાલક પાલિકાની દબાણ શાખાની ગાડી સાથે ધડાકાભેર અથડાયો હતો. જેના કારણે અકસ્માત સર્જાયો હતો. બનાવને લઈને સ્થળ પર પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને ડ્રાઈવરની અટકાયત કરી હતી. જ્યારે, ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાઈક ચાલકને પહેલા તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેના પરિવારજનો પણ આવી પહોંચ્યા હતા અને ત્યાંથી તેને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં રિફર કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. તબીબાઓના મત અનુસાર બાઈક ચાલકની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું.



**અકસ્માતને પગલે કારેલીબાગ પાણીની ટાંકી તરફનો રોડ બંધ કરી દેવાતા ચાલકોને હાલાકી**

શહેરમાં વિકાસના કામો અંગે ઠેર ઠેર રોડ ખોદી નાખવામાં આવ્યા છે. જેના કારણે અનેકો વાહનચાલકોને હાલાકી વેઠવી પડી રહી છે. ગોકળગતિએ ચાલતી કામગીરીના કારણે દરરોજ લોકોને મુશ્કેલી પડી રહી છે. આ અકસ્માત થયો ત્યાં પણ એક તરફનો રોડ ખોદી નાખવામાં આવ્યો છે. વાહનચાલકને રસ્તા પરથી પસાર થવા કનડગત ઉભી થઈ રહી છે. પરંતુ, ખોળામાં બેસાડી રાખેલ કોન્ટ્રાક્ટર સામે કોઈ એક્શન લેવા તંત્ર તૈયાર નથી. જેના કારણે નાના મોટા અકસ્માતોની સાથે સાથે નાગરિકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.

**નેશનલ હાઈવે નંબર 48 પર એક સાથે 5 વાહનો અથડાયા**



વડોદરા શહેર નજીક આવેલી નેશનલ હાઇવે નંબર 48 ઉપર વિચિત્ર અકસ્માત થયો હતો. જેમાં એક સાથે કાર ટ્રક સહિત પાંચ જેટલા વાહન અથડાયા હતા. સર્જાયેલા અકસ્માતમાં ટ્રક ચાલકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ટ્રક ચાલક ઓવર સ્પીડમાં હોવાથી અકસ્માત સર્જાયો હોવાની માહિતી મળી હતી. કાર ચાલક કિશોર ચાવડાએ જણાવ્યું હતું કે, હાલોલથી મારા ઘરે હું વડસર જઈ રહ્યો હતો. પાછળથી એક ટ્રક જે ઓવર સ્પીડ હતી, એણે એકદમ પાછળથી મને ટક્કર મારી અને સીધી મારી ગાડી આગળની જે ટ્રક હતી. એમાં ઘૂસી ગઈ, ડ્રાઇવર અને ક્લીનર બંને ભાગી ગયા હતા. એક્સિડન્ટ કરીને હું બચી ગયો, આગળની ગાડી સાથે મારી ગાડી જે સેન્ડવીચ થઈ, આ ઘટનામાં મારું મોત પણ થઈ શકત, એકદમ ગંભીર અકસ્માત થયો હતો. તત્કાલ પોલીસ આવી હતી. અને એમની કાર્યવાહી કરી હતી મને એવું લાગે છે કે, ટ્રકનો ડ્રાઇવર પીધેલી હાલતમાં હોય.

# રેલવે એસપી સરોજ કુમારીને ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ બનાવાયાં

**રાજ્યમાં** 12 આઇપીએસ અધિકારીઓને પ્રમોશન અપાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.1



તાજેતરમાં સરકાર દ્વારા 33 જેટલા આઈપીએસ એધિકારીઓને બઠડી સાથે બદલી કરાઈ હતી. ત્યારે ફરીવાર 12 આઈપીએસ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યું છે. રેલવે એસપીને ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસની બઢતી આપવામાં આવી છે. અને એસઆરપીએફના કમાન્ડન્ટને પણ ડીઆઈજીપીનું પ્રમોશન આપવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્યમા તાજેતરમાં આઈપીએસની બઢતી અને બદલીના હુકમ સરકાર દ્વારા કરવામાં આવ્યા હતા. જેમાં જેસીપી મનોજ નિનામાની અન્ય જગ્યા પર બદલી કરી દેવામાં આવી હતી અને જેલ એસપીની પણ બદલી કરવામાં આવી હતી. જેમાં જેસીપી મનોજ નિનામાની ખાલી જગ્યા પર ડીસીપી ઝોન-3 ડો.લીના પાટીને જોઈન્ટ સીપીનું પ્રમોશન આપવામાં આવ્યું હતુ. સાથે ડો. લીના પાટિલની જગ્યા પર ડીસીપી ઝોન 3ના અભિષેક ગુપ્તાને મુકવામાં આવ્યાં હતા. ત્યારે ફરીવાર રાજ્ય સરકાર દ્વારા 12 આઈપીએસને બઢતી આપવામાં આવી છે. જેમાં વેસ્ટર્ન રેલવેના સુપરિન્ટેડન્ટ ઓફ પોલીસ સરોજ કુમારીને બઢતી આપીને ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (વેસ્ટર્ન રેલવે) બનાવવામા આવ્યા છે. તેવી જ રીતે વડોદરામાં એસઆરપીએફ -09ના કમાન્ડન્ટ આર વી ચુડાસમાને ગ્રૂપ -09ના ડેપ્યુટી ઈન્સેપ્કટર જનરલ ઓફ પોલીસનું પ્રમોશન આપવામાં આવ્યું છે.

**શહેરમાં કૂતરાઓના ત્રાસને પગલે નગરજનો પરેશાન**

# પાણીગેટ પેટ્રોલ પંપ સામે કૂતરું આડે આવી જતાં સ્કૂટર સ્લીપ થવાથી યુવક ઈજાગ્રસ્ત

**શહેરમાં** રખડતાં કૂતરાઓને કારણે લોકો ભોગ બની રહ્યા છતાં તંત્ર બેધ્યાન

(પ્રતિનિધિ) વડોદરા તા. 01

શહેરના પાણીગેટ વિસ્તારમાં આવેલા પેટ્રોલપંપ સામેના રોડ પરથી એક્ટિવા લઈને પસાર થતા યુવકની એક્ટિવા આડે કૂતરું આવી જતાં એક્ટિવા સ્લિપ થવાથી યુવકને કપાળમાં તથા હાથે ઈજાઓ થવાથી એસ.એસ.જી.હોસ્પિટલમા ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર હેઠળ યુવકની તબિયતમાં સુધારો હોવાનું જાણવા મળ્યું છે.

વડોદરા શહેરમાં રખડતાં પશુઓ સાથે સાથે રખડતાં કૂતરાઓનો આતંક પણ જોવા મળ્યો છે. શહેરમાં અવારનવાર ખાસ કરીને રાત્રે અને દિવસ દરમિયાન રખડતાં કૂતરાઓને કારણે અકસ્માતના બનાવો બનતા હોય છે જેમાં ઘણા લોકો આજદિન સુધી ઈજાગ્રસ્ત થયા છે તેમ છતાં તંત્રના પેટનું પાણી પણ હાલતું નથી.પાલિકા તંત્ર દરવર્ષે રખડતાં કૂતરાઓના ખસીકરણ પાછળ લાખો રૂપિયા ના બજેટમાં જોગવાઈ કરે છે તેમ છતાં શહેરમાં રોડ રસ્તાઓ શેરીઓમાં રખડતાં કૂતરાઓની સંખ્યામાં વધારો જોવા મળે છે.

રાત્રિ દરમિયાન કે વહેલી સવારે જ્યારે માર્ગો પર વાહનોની અવરજવર ઓછી હોય તે દરમિયાન રખડતાં કૂતરાઓ દ્વિચક્રી વાહનો તથા ફોર વ્હીલર ગાડીઓ પાછળ દોડતા હોય છે જેના કારણે ઘણા લોકો અકસ્માતનો ભોગ બને છે તે જ રીતે શહેરમાં રખડતાં કૂતરાઓ રોડ રસ્તાઓમાં દોડતા હોય વાહનોને અકસ્માત સર્જાતા હોય છે.આવા જ એક બનાવમાં ગતરોજ શહેરના રાવપુરા ટાવર વિસ્તારમાં રહેતો ધ્રુવ સમીર અમીન નામનો 21 વર્ષીય યુવક બપોરે ત્રણ વાગ્યાના અરસામાં શહેરના પાણીગેટ વિસ્તારમાં આવેલા ઈન્ડિયન પેટ્રોલ પંપ સામેથી પોતાની એક્ટિવા લઈને પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન અચાનક કૂતરું આડે આવી જતાં એક્ટિવા સ્લીપ થઈ ગઈ ઇ હતી જેના પગલે યુવકને જમણા કપાળમાં તથા જમણા પગમાં ઈજાઓ પહોંચી હતી ઘટનાને પગલે લોકટોળા એકત્રિત થઈ ગયા હતા અને ઈજાગ્રસ્ત યુવકને એમ્બ્યુલન્સ મારફતે એસ.એસ.જી.હોસ્પિટલમા ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન યુવક ભાનમાં હોવાનું તથા તેની તબિયતમાં સુધારો હોવાનું જાણવા મળ્યું છે.

**કોર્ટમાં પિટિશન સાથેની તારીખે યુવકે રૂમમાં દુપટ્ટા વડે ફાંસો ખાઇ જીવન ટુંકાવ્યું**

# પત્ની છોડી જતાં ડિપ્રેશનમાં આવી યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો

**નવાપુરા** પોલીસ સ્ટેશને સ્વેચ્છાએ છૂટાછેડા માટે અરજી કરી હતી

(પ્રતિનિધિ) વડોદરા તા. 01

શહેરના રાજમહેલ રોડ ખાતે રહેતા અને એપીએમસીમા શાકભાજીનો ધંધો કરતા વેપારીએ પોતાના ઘરે દુપટ્ટા વડે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. બનાવને પગલે નવાપુરા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરુરી કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના રાજમહેલ રોડ ખાતે આવેલા કાછીયા વાડ ખાતે રહેતા રૂષભ ભૂપેન્દ્રભાઈ પટેલ નામના 28 વર્ષીય યુવક એપીએમસી માર્કેટમાં શાકભાજીનો ધંધો કરતા હતા અને સંયુક્ત કુટુંબમાં રહે છે ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર પર યુવકના કાકા તથા તેમનો પરિવાર તથા યુવક ઉપરના માળે રહેતા હતા તેમના માતા સંગીત ગૃપમા ગાયીકા છે જ્યારે યુવકે ત્રણ વર્ષ અગાઉ અલગ જ્ઞાતિની છોકરી સાથે પ્રેમલગ્ન કર્યા હતા પરંતુ કોઈપણ કારણોસર પતિ પત્ની વચ્ચે અણબનાવ થતાં યુવકની પત્ની બે મહિના અગાઉ પોતાની જાતે ઘર છોડીને પિયર જતી રહી હતી અને ત્યારબાદ તેમણે નવાપુરા પોલીસ સ્ટેશનમાં સ્વૈચ્છિક રીતે પતિ સાથે રહેવા માંગતા નથી તે પ્રમાણે અરજી કરી હતી જેની સામે યુવકે પણ છૂટાછેડા માટે સહમતી આપી હતી જે અંગેની કોર્ટમાં પ્રક્રિયા બાદ ગતરોજ કોર્ટમાં પિટિશન સાથેની તારીખ હતી પરંતુ તે અગાઉ જ રૂષભ આગલી રાત્રે પોતાના ધંધા પરથી ઘરે આવી ઘરને અંદરથી બંધ કરી સૂઈ ગયો હતો જ્યારે માતા સંગીતનો કાર્યક્રમ હોય બહાર ગયા હતા મોડી રાત્રે યુવકના માતાએ ઘરે આવી દરવાજો ખખડાવ્યો હતો પરંતુ યુવકે દરવાજો ખોલ્યો ન હતો જેથી માતા નીચેના માળે સુઇ ગયા હતા કારણ કે અગાઉ પણ યુવક ત્રણ થી ચાર વાર દરવાજો અંદરથી બંધ કરી સૂઈ ગયા બાદ જલ્દી ખોલતો ન હતો તેથી માતાએ વિચાર્યું કે મોડેથી દરવાજો ખોલશે પરંતુ ગતરોજ વહેલી સવારે શાકમાર્કેટ જવાનું હોય દરવાજો ખખડાવ્યો હોવા છતાં યુવકે દરવાજો ન ખોલતાં કુટુંબના સભ્યોએ બારીને તોડી જોતાં યુવકે દુપટ્ટા વડે ફાંસો ખાઇ લીધો હોવાનું જણાયું હતું જે અંગેની જાણ કરતાં નવાપુરા પોલીસે મૃતદેહને ઉતારી પોસ્ટમોર્ટમ અર્થે એસ.એસ.જી.મા ખસેડી જરુરી તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

# બાઈક સ્લીપ થતાં ઈજાગ્રસ્ત બાઈક ચાલકનું સારવાર દરમિયાન મોત

**યુવક** છૂટક મજૂરી કામ કરતો હતો અને ઘરમાં માતાનો આધાર હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.1

મહિસાગર જિલ્લાના લુણાવાડામાં આવેલા સાવલી વિસ્તારમાં રહેતા એક યુવકની બાઈક સ્લીપ થતાં ઈજાગ્રસ્ત યુવકનું સારવાર દરમિયાન એસ.એસ.જી.હોસ્પિટલમા મોત નિપજ્યું હતું જેથી મૃતદેહના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલા દલવાઈ સાવલી ગામમાં લાલાભાઇ બિજલભાઇ પગી નામના આશરે 43 વર્ષીય યુવક પોતાની માતા સાથે રહેતો હતો અને છૂટક મજૂરી કામ કરી પોતાનું તથા પોતાની માતાનું ગુજરાન ચલાવતો હતો.લાલાભાઇ ગત તારીખ 27મી ડિસેમ્બરના રોજ સાંજે સાડા છ વાગ્યાની આસપાસ પોતાના ગામમાં જ ચાઈનીઝ મંચુરિયન લેવા નિકળ્યો હતો તે દરમિયાન દલવાઇ સાવલીના રોડ પર અચાનક મોટરસાયકલ સ્લીપ થઈ જતાં લાલાભાઈને માથાના પાછળના ભાગે તથા શરીરે મૂઢ માર વાગ્યો હતો જેના કારણે લાલાભાઈ બેભાન થઈ ગયા હતા બનાવને પગલે ગામના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત યુવકને સૌ પ્રથમ લુણાવાડા સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો પરંતુ ત્યાં પ્રાથમિક સારવાર બાદ તેને ગોધરાના સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાંથી વધુ સારવાર અર્થે ગત તા. 27મી ડિસેમ્બરના રોજ વડોદરા શહેરના એસ.એસ.જી.હોસ્પિટલમા ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન ગત તા. 01લી જાન્યુઆરી,2025 ના રોજ સાત કલાકે SICU માં મરણ જાહેર કરવામાં આવ્યો હતો જ્યાં મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરુરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# માંજલપુરમાં હથિયારો સાથે જાહેરમાં મારામારી કરનાર સાત ઝડપાયા

**શાકભાજીના** ટેમ્પો અડી જતા બંને જથ્થો વચ્ચે ઝઘડો થયો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.1



માંજલપુર વિસ્તારમાં જ્યુપીટર ચાર રસ્તા પાસે મારુતિધામમાં રહેતા અને શાકભાજીનો વેપાર ધંધો કરતા વેપારી રામવિલાસ નંદકિશોર સક્સેના સયાજી માર્કેટ ખાતે શાકભાજી લેવા ગયા હતા. તેઓ શાકભાજીનો ટેમ્પો રીવર્સ લેતા અનામતહુશૈન ઉર્ફે પપ્પુ બિલાયત શેખ તથા સલમાન અનામત હુશેન બિલાયત શેખને ટેમ્પાનુ વ્હીલ અડી જતા ઝઘડો થયો હતો. ત્યારબાદ તેમનું સમાધાન પણ થઈ ગયું હતુ, બીજા દિવસ સવારના આઠેક વાગ્યાના સુમારે વેપારી ઘરે જતા હતા. ત્યારે વડસર બ્રીજથી જ્યુપીટર જવાના રોડ પર રઝા મસ્જિદ જ્યુપીટર ચાર પાસે અનામતહુશેન ઉર્ફ પપ્પુ બિલાયત શેખ, સલમાન અનામતહુશેન શેખ તથા કાયદાના સંઘર્ષમા આવેલા કિશોરે વેપારી સાથે બોલાચાલી કરી તેમના પર લાકડીઓ હુમલો કર્યો હતો. હથિયારો સાથે મારામારી કરતા હોવાના સોશિયલ માડિયા પર વીડિયો વાઈરલ થયા હતા. જેમાં પોલીસ સ્ટેશનમાં સામસામે ફરિયા નોધાવતા પોલીસે કાયદાના સંઘર્ષમાં કિશોર સહિતના 7 આરોપીઓરામવિલાસ નંદકિશોર સક્સેના, રામનિવાસ નંદકિશોર સક્સેના, રાહુલ નંદકિશોર સક્સેના, મોહિત સુરેંદ્રસીંગ સક્સે, અનામતહુશેન ઉર્ફ પપ્પુ બિલાયત શેખ, સલમાન અનામતહુશેન શેખને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**આજવા સરોવરથી આવતી 900 મિમી ડાયાની HS ફીડર નલિકા ડેમેજ થઈ હતી**

# રવાલ ગામ પાસે ડાયવર્ઝન કરી નવી નંખાયેલી લાઈનના ખર્ચની દરખાસ્ત રજૂ

**રૂ.48,51,913 ની** દરખાસ્ત સ્થાયી સમિતિમાં રજૂ કરાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરા શહેર નજીક રવાલ ગામ પાસે થોડા સમય પહેલા પાણીની લાઈનમાં લીકેજ થવાથી ડેમેજ થઈ ગયેલો ભાગ બદલીને 50 મીટર પાઈપ નવી નાખવામાં આવી હતી. 50 મીટર પાઈપ બ્રિજ નીચેના ભાગમાં નાળુ ક્રોસ કરી નાખવામાં આવી હતી. ત્યારે ,આજવા સરોવરથી આવતી 900 એમ.એલ.ડાયાની એચ.એસ ફીડર નલિકા રવાલ ગામ પાસે ડાયવર્ઝન કરવાના જીપીએમસીની કલમ 67 (3)સી હેઠળ કરવાના કામે ઈજારદાર મે.એ.કે.મેક ઈન્ફ્રા પાસેથી કરાવેલ કામે થયેલ ખર્ચ રૂ.48,51,913 ની દરખાસ્ત સ્થાયી સમિતિમાં રજૂ કરાશે.

વડોદરા મહાનગર પાલિકા હસ્તકના આજવા સરોવરથી નિમેટા ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ત્રણ ફીડર પાઈપ લાઈન આવે છે. જે પૈકી અંદાજે 70 વર્ષ જુની 900 મી.મી. ડાયાની એચ.એસ.પાઈપલાઈન રવાલ હાઈ-વે ક્રોસીંગના R | B વિભાગ હસ્તકના રોડના બોક્સ કલ્વર્ટ નીચેથી પસાર થાય છે. જે પાઈપ લાઈન અંદાજીત 70 વર્ષ જુની થયેલ હોઇ સતત કુદરતી નાળામાં રહેવાથી તેનું કોટીંગ ક્ષતિ ગ્રસ્ત થઇ એમ.એસ. પાઈપ કટાઇ ગયેલ હોઇ વેલ્ડીંગ પણ ન થઇ શકે તેવી પરિસ્થીતીમાં છે તેમજ પાણી લીકેજ થતું હોઇ, જેથી નાળાની બહાર નવિન પાઇપ લાઇન નાખવી પડે તેમ છે. જેથી કામગીરીની અગત્યતા જોતા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ 2023-24 હેઠળ ચાર વખત ટેન્ડર મંગાવવામાં આવ્યા હતા. જેમાં ચોથા પ્રયત્ને ઈજારદાર મે.એ.કે.મેક ઈન્ફ્રાનું અંદાજીત રકમથી 51.60.ટકા વધુનું ટેન્ડર આવેલું છે. પરંતુ એ સ્થળે સતત પાણીમાં લાઈન જર્જરીત થયેલ હોઇ નવિન જગ્યાએ તેમજ આ જ લાઇન ઉપર નિલકંઠ રીસોર્ટ સામે લીકેજ શરૂ થયેલ હોઇ ભાવપત્રક મંજૂરીની રાહ ન જોતાં ઈજારદારે ટેન્ડરમાં ભરેલ ભાવ મુજબ કામગીરી GPMC Act ની કલમ 67/3 (C) ઈજારદાર મે.એ.કે.મેક ઈન્ફ્રાને હુકમ આપી કામગીરી પૂર્ણ કરાવવામાં આવી છે. જે કામગીરી થવાથી પાણીનો વ્યય થતો અટકશે. જે કામગીરી કરવા PRO no. 1520/2023-24 થી આવેલા ભાવપત્રકમાં ઈજારદાર મે.એ.કે.મેક ઈન્ફ્રા દ્વારા ભરેલા ભાવ અંગે તત્કાલીન કમિશ્નર (કલેકટર,વડોદરા) દ્વારા આપેલી સૂચના મુજબ ઈજારદાર દ્વારા ઓનલાઈન ટેન્ડરમાં ભરેલ આઈટમ રેટ મુજબ તથા અંદાજીત રકમ થી 30 ટકા વધુ મુજબ કામગીરી કરવા તેઓની સંમતિ મેળવી કામગીરી કરાવેલી છે.

**વારસીયાથી હાથીખાના તરફ આવતાં જ દોરો ગળામાં ભરાઈ ગયો**

# શહેરમાં વધુ એક આધેડનું પતંગના દોરાથી ગળું કપાતા આઠ ટાંકા આવ્યા

**રાહદારીઓએ** તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી સયાજી હોસ્પિટલમાં ખસેડાતા સ્થિતિ સુધારા પર

(પ્રતિનિધિ) વડોદરા તા. 01

શહેરના હાથીખાના વિસ્તારમાં એક બાઈક ચાલક આધેડનું પતંગના દોરાથી ગળાના ભાગે ઈજાઓ થતાં તેને ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે એસ.એસ.જી.હોસ્પિટલમા ખસેડવામાં આવ્યો હતો.

શહેરના નિર્મલ પાર્કમાં રહેતા રમેશભાઇ ગિરધરલાલ માલી નામના 50 વર્ષીય વ્યક્તિ ગતરોજ સાંજે વારસિયા વિસ્તારમાંથી આવતા હાથીખાના પાસેથી પોતાની મોટરસાયકલ પર પસાર થઈ રહ્યા હતાં તે દરમિયાન અચાનક પતંગનો દોરો ગળામાં આવી જતાં તેઓને ઈજાઓ પહોંચી હતી જેના પગલે રમેશભાઇ નીચે પડી ગયા હતા બનાવને પગલે લોકો એકત્રિત થઈ ગયા હતા અને ઈજાગ્રસ્ત રમેશભાઇ ને એમ્બ્યુલન્સ મારફતે એસ.એસ.જી.હોસ્પિટલમા ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેઓ સારવાર હેઠળ ભાનમાં હોવાનું જાણવા મળ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા પંદર દિવસમાં શહેરમાં પતંગના દોરાથી ગળું કપાતાં મોત તથા ઈજાના બનાવો બન્યા છે.



શહેરમા ઉતરાયણ પર્વ પૂર્વે જ પતંગો ચગાવવામાં આવી રહી છે જેના કારણે મૂંગા પક્ષીઓ તથા નિર્દોષ લોકો ઈજાગ્રસ્ત થવાના બનાવો બન્યા છે. ત્યારે ગતરોજ વધુ એક વ્યક્તિ પતંગના દોરાથી ઈજાગ્રસ્ત થયો હોવાનું સામે આવ્યું છે.